# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે થેલેસેમિયા ટેસ્ટ અને રક્તદાન શિબિર





ગાંધીનગર, તા. ૨૭

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બી આર આઈ, અડાલજ ખાતે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ, અમદાવાદ દ્વારા પ્રાયોજિત ફાર્મસી વીક નું તારીખ ૨૩-૯-૨૦૧૯ થી ૨૭-૯-૨૦૧૯ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે. જેમાં બીજા દિવસ ૨૪સપ્ટેમ્બક,. ૨૦૧૯ના રોજ શ્રીમાન ઘનશ્યામ ભાઈ અને ભાવિન ભીમાનીના નેતૃત્વ હેઠળ થેલેસેમિયા ટેસ્ટ અને રક્તદાન શિબિર સંજીવની બ્લડ બેન્ક ના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૦ થી વધુ વિદ્યાર્થીએ રક્ત દાન અને ૧૧૪ વિધાર્થીઓ એ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો.

## જન્મદિને વધામણી



દર્શિત મિલનભાઈ રાજ્યગુરુ
મો. ૯૮૨૫૩૬૨૬૪૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આરાધના વિદ્યા વિહાર (અંગ્રેજી માધ્યમ) (વેદ ગ્રુપ) દ્વારા મધુર ડેરીની મુલાકાત




ગાંધીનગર, તા. ૨૭

આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી માધ્યમ) (વેદ ગ્રુપ) દ્વારા ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ગુરુવારના રોજ બાળકોએ સેકટર-૨૫ સ્થિર મધુર ડેરીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

બાળકોએ ડેરીની વિવિધ પ્રવૃત્તિ જેમ કે દૂધ, દહી, બટર, આઈસ્ક્રીમ વગેરેની બનાવટ અંગેની માહિતી મેળવી હતી.

આ મુલાકાતનો હેતુ બાળકોને ડેરી તેમજ ડેરીના વિવિધ ઉત્પાદનો વિષે માહિતગાર કરવાનો હતો.

# અંડર-૧૪ હેન્ડબોલમાં બા.શ્રી વસંતકુંવરબા પ્રા.શાળા વિજેતા



ગાંધીનગર, તા.૨૭


ખેલમહાકુંભ અંતર્ગત બા.શ્રી વસંતકુંવરબાની અંડર-૧૪ હેન્ડબોલ રમતમાં શાળાની ટીમ દ્વિતીય ક્રમે વિજેતા થઈ હતી. તેમાં પટેલ ભાવિક એન, પારગી ભરત ડી, ચૌધરી હર્ષ એમ, પરમાર હયન વી., બારડ અજય એમ., ડાભી પુરુષોત્તમ વી., ગોસ્વામી હર્ષ કે., સોલંકી ચંદ્ર એસ. જિલ્લા કક્ષાએ વિજેતા બની રાજયકક્ષાએ રમવા માટે પસંદગી પામ્યા છે. પસંદગી પામેલા તમામ બાળકોને આચાર્યા રીટાબેન બિહોલા તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. અને રાજયકક્ષાએ સફળતા મળે તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૭

તાજેતરમાં યોજાયેલ ખેલમહાકુંભ અંતર્ગત અંડર-૧૪ ઝુડો સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાના ૨૫ કિ.ગ્રા. વજનમા જોષી જય, ૩૦ કિ.ગ્રા. વજનમાં મનસુરી સોયબ અને ૩૫ કિ.ગ્રા. વજનમાં સોલંકી મયુરે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ત્રણેય વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ પણ પસંદગી પામ્યા છે. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા રીટાબેન બિહોલા તથા સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. તથા રાજયકક્ષાએ સફળતા પ્રાપ્ત કરે તે માટે શુભેચ્છા પાવટી હતી.

# શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ભાટ અને રેડ હેટના સંયુક્ત ઉપક્રમે એકેડમી સેન્ટર ઓફ એક્સીલન્સનું અનાવરણ




ગાંધીનગર, તા. ૨૭

શ્રી સ્વામિ નારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ભાટ ગાંધીનગર અને રેડ હેટ ના સંયુક્ત ઉપક્રમે રેડ હેટ એકેડમી સેન્ટર ઓફ એકસીલન્સનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

શ્રી સ્વામિ નારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ભાટ કોમ્પ્યુટર ઈજનેરી વિભાગમાં આ સેન્ટર વિદ્યાર્થીઓ માટે રેડ હેટ દ્વારા એડવાન્સ ટેકનોલોજીના વિવિધ મોડ્યુલની તાલીમ ફ્રીમાં આપવામાં આવશે. જેમાં રેડ હેટના સર્ટીફાઈડ એન્જિનિયર્સ મદદરુપ થશે. વધુમાં કોમ્પ્યુટર ઈજનેરી વિભાગના વડા પ્રો. વિજયકુમાર ગઢવીએ જણાવ્યું કે આધુનિક યુગમાં દરેક વિસ્તારે સર્વર, કલાઉડ, ફાઈનાન્સ, સિક્યુરિટીમાં આ પ્રકારની તાલીમ લીધેલ કોમ્પ્યુટર ઈજનેરોની ખૂબ માંગ હોવાથી આ સેન્ટર સંસ્થાના દરેક વિદ્યાર્થીના ભાવિ ઉજ્જવળ બનાવવા મદદરુપ સાબીત થશે.

# દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખેલ મહાકુંભ ફુટબોલ સ્પર્ધામાં તૃતીય સ્થાને



ગાંધીનગર, તા. ૨૭

અંડર-૧૪ બોય્ઝ જિલ્લાકક્ષાની ફુટબોલ સ્પર્ધાનું આયોજન બી.એ.પી.એસ. સ્કૂલ અને જી.એન.એલ.યુ. કૉલેજના તા.૧૭ થી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન આયોજિત કરવામાં આવી હતી.

જેમાં જિલ્લાની વિવિધ ૩૨ શાળાઓએ ભાગ લીધો હતો અને ડીપીએસ ગાંધીનગરે આ તમામ શાળાઓ પૈકી તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.આ ઉપરાંત શાળાના ચાર વિદ્યાર્થીઓને ૮૦૦૦/- રૂપિયાના રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયા હતા અને તેઓને રાજયકક્ષાની ટીમમાં સ્થાન પ્રાપ્ત થયું છે.

આચાર્ય અતનુરથે આ વિશિષ્ટ સિદ્ધિ બદલ તેમનો અભિનંદન પાઠવ્યા હતા.

# પરીક્ષાઓની તૈયારી કરવી કે અમારો ફેમિલી બિઝનેસ સંભાળવો?

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧.મે આ વર્ષે જ બી.કોમ પાસ કરેલ છે.મારો પ્રશ્ન એ છે કે મારે સ્પર્ધાત્મક પરીક્ષાઓ ની તૈયારી કરવી કે અમારો ફેમિલી બિઝનેસ સંભાળવો અથવા કોઈ સારી પ્રાઈવેટ ક્ષેત્ર માં જોબ કરવી?માર્ગદર્શન આપશો.**

**તીર્થ પટેલ, ગાંધીનગર**



તીર્થ, આપે હાલ જ ગ્રેજ્યુએશન પૂરું કરેલ છે.એટ્લે આપની પાસે બે વિકલ્પ છે એક માં આપ સરકારી નોકરી મેળવવાની ઈચ્છા ધરાવો છો જ્યારે બીજા વિકલ્પ માં આપ આપનો ફેમિલી બિઝનેસ માં મદદ કરવા માંગો છો.મેહનત બંને વિકલ્પ માં જરૂરી બનસે.હવે એ આપના ઉપર આધાર રાખે છે કે તમે કયા વિકલ્પ તરફ આગળ વધવા માંગો છો.જો આપને સરકારી નોકરી મેળવવી છે કે આપને જો બિઝનેસ માં વધુ રસ હોય તો એમાં પણ જઈ શકો છો.અમારું મંતવ્ય એ છે કે હાલ આપ વિધ્યાર્થી એટ્લે કે નવું કઈક શીખવા અને યાદ રાખવાની ઉમર માં છો.એટ્લે આપ હાલ આપ સરકારી નોકરી માટે ની સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારી ખૂબ સરસ રીતે કરી શકો છો.રહ્યો સવાલ આપના ફેમિલી બિઝનેસ નો તો એ આપ થોડા સમય બાદ પણ સંભાળી શકો .હાલ આપ આપનું પૂર્ણ ધ્યાન આપના લક્ષ્ય ઉપર રાખી પરીક્ષા ની તૈયારી કરો.જો આપ ઉત્તીર્ણ થઈ જાઓ છો તો આપ નું ભવિષ્ય સુરક્ષિત બની શકે છે અને ત્યાર બાદ પણ નોકરી ના ફાઝલ સમય માં આપનો બિઝનેસ સંભાળી શકો છો.એટ્લે જો આપના પપ્પા ની શારીરિક હાલત ઠીક હોય અને હાલ આપ ને કોઈ કામ કરવાની જરૂર ના હોય તો આપ અત્યાર થી જ પરીક્ષા ની તૈયારી ચાલુ કરી શકો છો.હા અહી એક વસ્તુ નું ધ્યાન રાખવું કે દરેક વસ્તુ શીખવાનો એક નિયત સમયગાળો હોય છે.તો સ્પર્ધાત્મક પરીક્ષા માટે પણ આપ સમયમર્યાદા નક્કી કરો કે આટલા મહિના માં મારે સરકારી જોબ મેળવવી છે.જો કોઈ કારણોસર ઉત્તીર્ણ ના થઈ શક્યા તો બેક-અપ તરીકે કોઈ અન્ય ક્ષેત્ર વિચારી રાખવું હિતાવહ છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. મે બી.કોમ માં હાલ જ એડમિશન લીધેલ છે. બી.કોમ. ના ક્ષેત્ર વિષે માહિતી આપશો.**


**અંકિત રાજાણી, ગાંધીનગર**



અંકિત, આપને જણાવવા માંગીશું કે આપના સવાલનો સ્કોપ ખૂબ બહોળો છે. બી.કોમ પછી આપની પાસે ઘણા વિકલ્પ ઉપલબ્ધ છે. અહી આપણે મુખ્ય વિકલ્પોની વાત કરીશું. બી.કોમ પછી આપની પાસે મુખ્ય ત્રણ વિકલ્પ છે. આપ બી.કોમ પછી આગળ અભ્યાસ કરી શકો છો, જોબ કરી શકો છો અથવા પોતાનો વ્યવસાય સ્થાપી શકો છો. જો આપ આગળ જોબ કરવાનું વિચારતા હોય તો આપની પાસે એમાં પણ મુખ્ય બે વિકલ્પ રહેલા છે, એ છે પ્રાઈવેટ અથવા ગવર્મેન્ટ ક્ષેત્ર માં જોબ. પ્રાઈવેટ ક્ષેત્રની વાત કરીએ તો આ ક્ષેત્રમાં આપનો ગ્રોથ સારો થઈ શકે છે જો આપ પોતાનું કામ સારી રીતે કરી શકો. જ્યારે ગવર્મેન્ટ જોબની વાત કરીએ તો આ ક્ષેત્રનો સૌથી મોટો ફાયદો છે કે આ એક 'સિક્યોર' એટ્લે કે સુરક્ષિત ક્ષેત્ર છે એટ્લે કે આ ક્ષેત્રમાં જો આપ આપનું કામ પ્રામાણિક્તાથી કરો છો તો આપને આપની જોબ પરથી કોઈ બરખાસ્ત કરી શકતું નથી. આ કારણે મોટાભાગના વિદ્યાર્થીઓ આ ક્ષેત્ર પસંદ કરતાં હોય છે. આપ બી.કોમ પછી આગળ અભ્યાસ પણ કરી શકો છો. જેમાં આપ એમ.બી.એ, સી.એ અથવા સી.એસ અને એવા અનેક ઉપલબ્ધ કોર્સેસમાંથી કોઈ સારો કોર્ષ એક સારી કોલેજમાંથી કરી શકો છો. ત્રીજા વિકલ્પની વાત કરીએ તો એ છે એંટર્પ્રિન્યરશિપ એટ્લે કે પોતાનો બિઝનેસ ચાલુ કરવો જેમાં આપ ભારત સરકારની સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડ ઉપ ઈન્ડિયા જેવી સ્કીમનો પણ લાભ લઈ શકો છો. પણ આ ક્ષેત્રમાં જવું તો જ હિતાવહ છે જો આપને ખરેખર તેમાં રુચિ હોય. એન્ત્રેપ્રેનેઉર (પોતાનો વ્યવસાય) ચાલો કરવો અને તેનો સંભાળવો એ લાગે તેટલું સહેલું નથી હોતું. આમ આપ ઉપરોક્ત વિકલ્પોમાંથી કોઈ એક આપની પસંદગી અને રુચિનો વિકલ્પ પસંદ કરી આપની કારદિર્દી ઉજ્વળ બનાવી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું અત્યાર ધોરણ ૧૨ કોમર્સ માં અભ્યાસ કરું છું. બી.બી.એ. માટે શ્રેષ્ઠ કઈ કોલેજ કઈ છે? માહિતી આપશો.**

**રાહિલ પુરોહિત, કલોલ**



રાહિલ, આપનો લક્ષ્ય ખૂબ સરસ છે. બી.બી.એ. કર્યા પછી આપ મેનેજમેંટના ક્ષેત્રે આગળ વધી શકો છો. તમને જણાવવા માંગીશુ કે બી.બી.એ. માટે ઘણી બધી કોલેજ છે જેના પર તમે પસંદગી ઉતારી શકો છો. પણ જો આપે કોઈ સારી અને પ્રતિષ્ઠિત કોલેજમાં એડ્મીશન લેવુ હોય તો આપે એના માટે મોટા ભાગે પ્રવેશ પરીક્ષા આપવાની હૉય છે.આપને જણાવી દઈએ કે બી.બી.એ / એમ.બી.એ. માટે આઈ.આઈ.એમ. - આઈ.પી.એમ એટ્લે કે ઈંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેંટ - ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ નામની પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ, આપ ભારતની પ્રતિષ્ઠિત એવી આઈ.આઈ.એમ (ઈન્ડિયન ઈંસ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ), ઈંદૌરમાં પ્રવેશ મેળવી શકો છો. આપને જણાવી દઈએ કે ભારતમાં શ્રેષ્ઠ ગણાતી એવી ૨૦ આઈ.આઈ.એમ.માંથી એકમાત્ર આઈ.આઈ.એમ ઈંદોર જ છે જે આપને ધોરણ ૧૨ પછી ડાયરેક્ટ એમ.બી.એ. માટેનો વિકલ્પ ઉપ્લબ્ધ કરાવે છે. અન્ય ઘણી કોલેજ છે જે આપને આઈ.એમ.બી.એ. એટ્લે કે ઈન્ટિગ્રેટેડ માસ્ટર ઈન બિઝ્નેસ એડ્મિનિસ્ટ્રેશનનો કોર્સ કરાવે છે. સામાન્ય રીતે આ કોર્સમાં બી.બી.એ અને એમ.બી.એ કરવા માટેનો પાંચ વર્ષ નો મેનેજમેન્ટ પ્રોગ્રામ છે જેમાં ૩ વર્ષ બી.બી.એ અને બાકીના ૨ વર્ષ એમ.બી.એ નો સમાવેશ થાય છે. આઈ.એમ.બી.એ. માટે આપ પ્રતિષ્ઠિત કોલેજ જેમ કે સિમ્બાયોસિસ, નર્સી મોનજી, સેંટ જહેવીઅર્સ, અને એવી અન્ય પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રવેશ મેળવી શકો છો. ઉપર જણાવ્યા મુજબ મોટા ભાગ ની કોલેજ માટે પ્રવેશ પરીક્ષા આપવાની રહે છે. અમુક પ્રવેશ પરીક્ષા આપણે જણાવીશું જેમ કે યૂ.જી.એ.ટી., એસ.ઈ.ટી.-યૂ.જી., એન.પી.એ.ટી., વિગેરે. પ્રવેશ પ્રક્રિયામાં લગભગ લેખિત/ઓનલાઈન પરીક્ષા આપ્યા બાદ આપે જી.ડી એટ્લે કે ગ્રુપ ડિસ્કસન અને ઈન્ટરવ્યુ પાસ કરવાના હોય છે. આ પ્રવેશ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , તાર્કિક, અંગ્રેજી તથા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછાતા હોય છે, જે માટે ની તૈયારી આપ અત્યારથી જ કરી શકો છો. શિષ્ટબદ્ધ તૈયારી કરશો તો સફળતા જરૂર મળશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ: questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૯ને બુધવાર ના રોજ ધાર્મિક સ્થળોની મૂલાકાત કરવામાં આવી હતી. જેમાં બાળકોને ચર્ચ અને મંદિર માં લઈ જવામાં આવ્યા હતા. બાળકો ને અલગ અલગ ધર્મ વિષે માહિતી આપવામાં આવી હતી.

# એસ.કે.પટેલ સ્કૂલમાં 'ઈંગ્લિશ રેસિટેશન 'કોમ્પિટિશન યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં 'ઈંગ્લિશ રેસિટેશન કોમ્પિટિશન યોજાઈ. જેમાં બાળકો અંગ્રેજીમાં સરસ મજાની કવિતાઓ તૈયાર કરીને આવ્યા હતા. જજીસ સામે બાળકો એક્શન સાથે ઈંગ્લિશમાં કવિતાઓ બોલ્યા હતા.કવિતા ના સંબંધિત અલગ અલગ વસ્તુઓ સાથે લઈને આવ્યા હતા.બાળકોને આ સ્પર્ધામાં ભાગ લેવાની તથા કવિતા બોલવાની ખુબજ મજા આવી હતી.